# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-10-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM-24 વર્ષની સેવા:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, દેશમાં ગત 11 વર્ષમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યા છે. મહત્વના પ્રયાસથી મહિલાઓ, યુવા ખેડૂતો સશક્ત બન્યા અને 25 કરોડથી વધુ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા હોવાનું શ્રી મોદીએ ઉંમેર્યું. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં તેમણે કહ્યું, વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ભારતનું મહત્વનું સ્થાન છે.

સરકારનો ઉદ્દેશ દરેક ક્ષેત્રમાં દેશને આત્મનિર્ભર બનાવવાનો હોવાનો શ્રી મોદીએ ઉલ્લેખ કર્યો. તેમણે સરકારના વડા તરીકે દેશની સેવામાં 25-મા વર્ષમાં પ્રવેશ કરવા બદલ લોકોનો આભાર પણ માન્યો.

---

## રાજ્યમાં વિકાસ સપ્તાહ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતની વિકાસયાત્રાના 24 વર્ષની ઉજવણી નિમિત્તે રાજ્યમાં વિકાસ સપ્તાહનો ગઈકાલથી પ્રારંભ થયો. ત્યારે વિધાનસભા પરિસરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા મંત્રીઓ, મુખ્ય સચિવ સહિતના વરિષ્ઠ અધિકારીઓએ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા મન-વચન અને કર્મથી તત્પર રહેવા સાથે દેશ માટે સમર્પિત ભાવથી સામૂહિક ભારત વિકાસ પ્રતિજ્ઞા લીધી હતી.

---

## કચ્છ-કલેક્ટર-વિકાસ સપ્તાહની બેઠક:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતની વિકાસ યાત્રાને ૨૪ વર્ષ પૂર્ણ થયા છે. જેની વિકાસગાથા જનજનમાં ઉજાગર કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યમાં ગઈકાલે થી તા.૧૫ ઓક્ટોબર દરમિયાન "વિકાસ સપ્તાહ" ઉજવાઈ રહ્યો છે.

ત્યારે વિકાસ સપ્તાહ ૨૦૨૫ની ઉજવણીના પ્રથમ દિવસે ગઈકાલે કચ્છ જિલ્લા સેવા સદન ખાતે પદાધિકારીઓ અને અધિકારીઓ તેમજ કર્મચારીઓએ ભારત વિકાસની પ્રતિજ્ઞા લીધી હતી.

કચ્છ કલેક્ટર આનંદ પટેલે વિકાસ સપ્તાહની ઉજવણી અન્વયે વિવિધ કાર્યક્રમોના આયોજન અંગે અધિકારીઓને માર્ગદર્શન પુરું પાડ્યું હતું. શ્રી આનંદ પટેલે જણાવ્યું હતું કે, ગરીબ કલ્યાણ મેળાઓ, ખેલ મહાકુંભ, વાઈબ્રન્ટ ગુજરાત, સ્વાગત કાર્યક્રમ વગેરેથી લોકોના જીવનમાં એક મહત્વપૂર્ણ બદલાવ આવ્યો છે અને આ પ્રકલ્પો સમગ્ર દેશમાં મોડેલરૂપ બન્યા છે.

---

## CM-દિવાળી ભેટ :

રાજ્ય સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થામાં જુલાઈ-2025થી કેન્દ્રના ધોરણે વધારો અપાશે. કર્મચારીઓને દિવાળીની ભેટ સ્વરૂપે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ નિર્ણય અંતર્ગત સાતમા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 3 ટકા અને છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 5 ટકાનો વધારો કરાયો છે. આ ઉપરાંત મોંઘવારી ભથ્થામાં વધારાની 3 માસની તફાવત રકમ-એરિયર્સ એક જ હપ્તામાં ચૂકવાશે. રાજ્ય સેવા અને પંચાયત સેવા તથા અન્ય એમ કુલ 4 લાખ 69 હજાર કર્મચારીઓ અને 4 લાખ 85 હજાર પેન્શનર્સને આ નિર્ણયનો લાભ મળશે.

---

## શાળાઓમાં દિવાળી વેકેશન:

શિક્ષણ વિભાગે રાજ્યની શાળાઓમાં 21 દિવસનું દિવાળી વેકેશન જાહેર કર્યું છે. માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 16 ઓક્ટોબરથી ૫ નવેમ્બર સુધી વેકેશન રહેશે. જયારે, પ્રાથમિક વિભાગનું વેકેશન 17 ઓક્ટોબર થી 6 નવેમ્બર જાહેર કરવામાં આવ્યું છે.

---

## દિવાળીની બદલા રજાઓ:

સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામાથી કેલેન્ડર વર્ષ, ૨૦૨૫ માટે જાહેર રજાઓ જાહેર કરવામાં આવેલ છે તે મુજબ તા. ૨૦ ઓક્ટોમ્બર, સોમવારના રોજ દિવાળીની જાહેર રજા, તા. ૨૨ઓક્ટોમ્બર, બુધવારના રોજ નૂતન વર્ષ દિન નિમિત્તે જાહેર રજા, તા. ૨૩ ઓક્ટોમ્બર ના રોજ ગુરૂવારે ભાઇબીજ નિમિત્તે જાહેર રજા આવે છે,ત્યારબાદ તા. ૨૫ ઓક્ટોમ્બરના રોજ ચોથા શનિવાર તથા તા. ૨૬ ઓક્ટોમ્બરના રોજ રવિવારની જાહેર રજા આવે છે.

દિવાળી પર્વમાં સરકારી અધિકારી / કર્મચારીઓ પોતાના વતનમાં પરિવાર સાથે તહેવારની ઉજવણી કરી શકે તે હેતુસર તા. ૨૧ ઓક્ટોમ્બર મંગળવાર તથા તા. ૨૪ ઓક્ટોમ્બર, શુક્રવારના રોજ તમામ સરકારી કચેરીઓ બંધ રહેશે અને તેના બદલામાં તા. ૦૮ નવેમ્બર, બીજો શનિવાર તથા તા. ૧૩ ડીસેમ્બર, બીજા શનિવારના રોજ આ તમામ કચેરીઓ ચાલુ રહેશે, તેવુ એક યાદીમાં જણાવાયુ છે.

---

## નખત્રાણા-શરદ પુનમના આર્યુવેદ કેમ્પ:

નખત્રાણામાં શરદપૂનમની રાત્રે સોમૈયા સર્વોદય ટ્રસ્ટ-રોટરી ક્લબ ઓફ મુંબઇ-ઘાટકોપરના સહયોગથી યોજાયેલા 17મા આયુર્વેદિક કેમ્પમાં 1500 શ્વાસ, દમ, એલર્જીના દર્દીઓની સારવાર કરાઇ હતી. પૂર્ણ ચંદ્રમાની છાયામાં દર્દીઓ આખી રાત બેસી રહ્યા બાદ પરોઢે ચંદ્રની છાયામાં ગાયના દૂધમાં ઉકાળેલી રોગપ્રતિકારક ઋષિ પરંપરાગત આયુર્વેદિક દવાઓ સાથેનું દૂધ 1500થી વધુ દર્દીઓને પીવડાવવામાં આવ્યું હતું.

મુંબઇ, સૌરાષ્ટ્ર, વાગડ, કચ્છભરમાંથી લોકો સારવારમાં જોડાયા હતા. આ કેમ્પ દરમ્યાન દર્દીઓ દ્વારા અપાયેલી માહિતી અનુસાર અનેક દર્દીઓએ આ પ્રકારની સારવારથી હઠીલા રોગ મટી ગયા હોવાનું જણાવ્યું હતું.

---

## હવામાન:

રાજ્યમાં આગામી 13 ઓક્ટોબર સુધી છૂટાછવાયા સ્થળે હળવા વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે.

ત્યારે કચ્છમાં શક્તિ વાવાઝોડાં અને પશ્ચિમી વિક્ષોભની અસર તળે વરસાદી માહોલ છવાયા બાદ ગઈકાલે જિલ્લાભરમાં વરાપનો માહોલ જોવા મળ્યો હતો. વરસાદની સંભાવના ઘટતાં મહત્તમ પારો બેથી ત્રણ ડિગ્રી ઊંચકાયો હતો.

---